ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૦ ટકા

# ઉનાળાના અમૃત માટે એક રૂપિયો વધુ ચૂકવો..!!!

## છાશની થેલી પર એમઆરપી કરતા વધુ નાણાં ખંખેરતા શહેરના પાર્લરધારકો અને છૂટક વેપારીઓ

ગાંધીનગર, તા. ૨૨

ઉનાળાની ઋતુ તેની ચરમસીમાએ છે અને દિવસ દરમ્યાન સૂર્યનો તડકો નાગરિકો માટે અકળાવનારો બની રહ્યો છે. આ સમયે ઉનાળાનું અમૃત એવી 'છાશ' ગરીબથી માંડીને તવંગર સુધીના તમામ વર્ગને રાહત આપવા સાથે 'લૂ' લાગવાથી બચાવે છે. આ કારણથી ઉનાળા દરમ્યાન છાશની માંગ ખૂબ વધી જાય છે, આ પરિસ્થિતિનો લાભ ઉઠાવી શહેરના અમુલ છાશનું વિતરણ કરતા પાર્લરધારકો અને અન્ય રિટેલર્સ છાશની એમઆરપી કરતા વધુ કિંમત ગ્રાહકો પાસેથી વસુલી રહ્યાં છે.

શહેરમાં ઉનાળાના સમયે વધવા પામેલી છાશની માંગના કારણે પાર્લરધારકો અને અન્ય રિટેલર્સ દ્વારા છાશને ફ્રીઝમાં રાખી ઠંડી આપવાના બહાને છાશની પ્રત્યેક થેલી પર એમઆરપી કરતા રૂ. ૧ વધુ ખંખેરી લેવામાં આવે છે. શહેરમાં મધુર ડેરી દ્વારા અમુલ છાશનું ઉત્પાદન કરાય છે અને આ છાશની થેલી રૂ. ૧૦ની એમઆરપી સાથે વેચવામાં આવે છે. આ થેલી પર તેને ઠંડી રાખવા માટે ડેરી દ્વારા સૂચના પણ લખેલી હોય છે જે વિતરકો અને પાર્લરધારક છુટક વેપારીઓની ફરજમાં આવે છે. આ માટે તેમણે કોઈપણ જાતનો સર્વિસ ચાર્જ લેવાનો હોતો નથી કેમકે તે એમઆરપીમાં સામેલ જ હોય છે. આમ છતાં શહેરમાં અમુલ છાશની પ્રત્યેક થેલી પર ગ્રાહકો પાસેથી રૂ. ૧ વધુ એટલે કે એમઆરપી સાથે કુલ મળીને રૂ. ૧૦નો બદલે રૂ. ૧૧ ધરાર વસુલવામાં આવે છે. જો ગ્રાહકો આ બાબતે વેપારીને પૂછે તો વધારાનો એક રૂપિયો તેઓ છાશ ઠંડી રાખવા માટે સર્વિસ ચાર્જ છે તેવુ કહી ગ્રાહકોને બિંધાસ્ત રીતે એમઆરપીથી વધુ નાણાં ખંખેરી રહ્યાં છે. ઉનાળામાં તવંગર વર્ગ તો છાશ સિવાય અન્ય ઠંડા પીણા, ફળોના જ્યુસ વગેરેની મોજ માણી શકે છે પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગ માટે 'છાશ' એ એકમાત્ર ઉનાળાની ગરમી સામે લડવાનું માધ્યમ હોય છે. આ પરિસ્થિતિમાં ગ્રાહકો સાથે એમઆરપીથી વધુ નાણાં ખંખેરવામાં આવી રહ્યાં છે જે જરૂરિયાતમંદ વર્ગ માટે મહિનાના બજેટમાં ખૂબ મોટી અસર ઉભી કરે છે. કેટલાક પરિવારોમાં રોજની બે થી ત્રણ થેલી છાશની જરૂરિયાત રહેતી હોય છે. તેથી એમઆરપી કરતા વધુ નાણાં વસુલતા વેપારીઓ સામે પગલાં લેવાય તેવી શહેરના જરૂરિયાતમંદ વર્ગમાં માંગ ઉઠવા પામી છે.




# સે. ૩માં ૧૪ છાપરાઓ પર જેસીબી ફરી વળ્યું





ગાંધીનગર, તા. ૨૨

શહેરના વિવિધ સેક્ટરોમાં ચારેય તરફ દબાણ વધી જતા શહેરીજનોને ટ્રાફીક-ગંદકી સહીતની ભારે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. મનપાના દબાણ તંત્ર દ્વારા દરરોજ લારી-ગલ્લા અને ઝુંપડાઓ ઉપર સફાયો બોલાવાઈ રહ્યો છે. ત્યારે આજે સે. ૩-ડી ખાતે સાઈ બાબા મંદિર આસપાસના ઝુંપડાઓ ઉપર તવાઈ કરવામાં આવી હતી. આડેધડ ઉભા થઈ ગયેલા ૧૪ છાપરાઓ ઉપર આજે દબાણ તંત્રનું જેસીબી ફરી વળ્યું હતું.

# આજે સવારે ચ-0 થી કોબા સર્કલ સુધીનો માર્ગ પ્લાસ્ટિક કચરાથી મુક્ત કરાશે

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આત્મન ફાઉન્ડેશન અને હેપ્પી યુથ ક્લબના સહયોગથી આયોજન

ગાંધીનગર, તા. ૨૨

યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત વર્ષ ૨૦૧૮માં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી 'પ્લાસ્ટિક પ્રદૂષણ પર અંકુશ મેળવીએ' થીમ આધારિત કરવામાં આવનાર છે. આ ઉજવણી દરમ્યાન સમગ્ર વર્ષમાં જાગૃતિ અનો રચનાત્મક કાર્યક્રમો યોજવામાં આવશે. ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની આગોતરી ઉજવણીના ભાગરૂપે પ્લાસ્ટિક એકત્રીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અનુસાર તા. ૨૩મી મે બુધવારના રોજ સવારે ૭ થી ૯ કલાક દરમ્યાન શહેરના ચ-0 સર્કલથી કોબા સર્કલ સુધીના માર્ગને પ્લાસ્ટિક કચરા મુક્ત કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરી તથા નિસર્ગ સાયન્સ સેન્ટર, આત્મન ફાઉન્ડેશન અને હેપ્પી યુથ ક્લબ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી આ અભિયાન આયોજિત કરાયું છે. આ અભિયાન અંતર્ગત ચ-0 થી કોબા સર્કલ સુધીના માર્ગની બંને તરફનો પ્લાસ્ટિક કચરો સ્વયંસેવકો દ્વારા એકત્રિત કરી લેવાશે.

### @ગાંધીનગર

- નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંતર્ગત પ્લાસ્ટિક કચરો ઉપાડવાનુ અભિયાન ચાલુ કરવામાં આવશે.

### વાતવાતમાં

- વાવોલના અંકુર એપાર્ટમેન્ટમાં રહેતા ડ્રાઈવરે મેરીટાઈમ બોર્ડની કાર જે સોસાયટી સંકુલમાં પાર્ક કરી હતી તે રાત્રિના સમયે ચોરાઈ ગઈ છે. આ બાબતે હજુ સુધી કોઈ પોલિસ ફરિયાદ નોંધાઈ નથી.
- શહેરમાં દબાણ વિભાગે સપાટો બોલાવતાં ગાંધીનગરના સેક્ટર-૬માં કોમર્શિયલ વિસ્તારમાં દબાણો હટાવ્યાં હતાં. જોકે, અહીંના દબાણકર્તાઓ પાથરણાં પાથરીને વેપાર કરવા બેસી ગયા હતા.
- સે. ૧૬ના આદર્શ ભોજનાલયે ૪૦ વર્ષ પૂર્ણ કર્યા છે. શહેરનું સૌપ્રથમ ભોજનાલય હોવાનું તે ગૌરવ ધરાવે છે.

# રાજપૂત સમાજના યુવાવર્ગ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સેક્ટર-૧૨માં રાજપૂત સમાજ ભવન ખાતે રાજપૂત યુવા વિકાસ પરિષદ દ્વારા શહેર રાજપૂત સમાજ અને જિલ્લા રાજપૂત સમાજના સહયોગથી કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગરના રાજપૂત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે શહેર રાજપૂત સમાજના પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણાએ સમાજના યુવાનોને શિક્ષણ પ્રત્યે જાગૃત થવા આહ્‌વાન કર્યું હતું. જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ રાજનસિંહ ચાવડાએ યુવાનોને વ્યસનથી દૂર રહેવા શીખ આપી હતી. શહેર રાજપૂત સમાજના મહામંત્રી પ્રદિપસિંહ બિહોલાએ યુવાનોને આગામી સમયમાં સચિવાલયમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવાની હોવાથી મહેનત કરવા જણાવ્યું હતું. જિલ્લા રાજપૂત સમાજના મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાએ યુવાનોને રાજપૂત સમાજ ભવનમાં યુવા ઉમેદવારો માટે રહેવાની સુવિધા ધરાવતું તથા સમાજના યુવાઓ માટે શિક્ષણના વર્ગો શરૂ કરવામાં આવશે તેવું જણાવતાં તેનો લાભ લેવા સૌને અનુરોધ કર્યો હતો. શહેર રાજપૂત સમાજના પૂર્વ પ્રમુખ વિક્રમસિંહ ગોલે આલમપુર ખાતે આકાર લઈ રહેલા રાજપુત સમાજ ભવન માટે સમાજે એક થઈ ફાળો નોંધાવવા અગ્રણીઓ સમક્ષ સૂચન કર્યું હતું. આ કાર્યક્રમના અંતર્ગત યુવા વિકાસ પરિષદના પ્રમુખ રણવીરસિંહ રાઠોડ અને મહામંત્રી વિરેન્દ્રસિંહ ગોહિલે યુવાનોને સમાજના કાર્યક્રમોમાં સહભાગી થવા સાથે રચનાત્મક કાર્યોમાં ભાગ લેવા પ્રેરિત કર્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, રાજપૂત સમાજના પૂર્વ પ્રમુખ નટવરસિંહ વાઘેલા, એડવોકેટ શંકરસિંહ ગોહિલ, જિતેન્દ્રસિંહ વાઘેલા, વનરાજસિંહ ચાવડા, જયદીપસિંહ વાઘેલા, બળવંતસિંહ સોલંકી તથા એડવોકેટ દિલીપસિંહ બિહોલા સહિત રાજપૂત અગ્રણીઓ અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સે. ૩માં તસ્કરોએ બંધ મકાનને ટાર્ગેટ કર્યું

## વહુની પ્રસુતિ બાદ ઘરના સભ્યો તેણીના પિયર ગયા હતા : મકાનનુ તાળુ તોડી ૧.૩૭ લાખની મત્તા સાફ કરી તસ્કરો ફરાર

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સેક્ટર-૩-એમાં ગઈરાત્રે તસ્કર ટોળકી ત્રાટકી હતી. એક બંધ મકાનને ટાર્ગેટ કરી તસ્કરોએ તે મકાનના દરવાજાનું તાળુ તોડીને અંદર હાથફેરો કરી લીધો હતો. મકાનમાં ઘુસીને તસ્કરોએ સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૧.૩૭ લાખની મત્તા ઉઠાવી ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે મકાનમાલીકની ફરિયાદને આધારે સે. ૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૩-એ પ્લોટ નં. ૧૪૮/૧માં રહેતા જીનેશભાઈ નવિનચંદ્ર ગજ્જર કુડાસણ સ્થિત એપોલો ફાર્મામાં નોકરી કરે છે. તેમના ઘરે માતા અને પત્નિ સાથે રહે છે. તાજેતરમાં પત્નિની પ્રસુતિ થયા બાદ તે પિયર ગઈ હતી. જીનેશભાઈની માતા પણ સાથે તેણીના પિયર ગઈ કાલે ગઈ હતી. જીનેશભાઈ ઘરને તાળુ મારીને ઓફીસ ગયા બાદ ઓફીસથી સીધા પત્નિના પિયર ગયા હતા. ગઈ કાલે સવારે પડોશીનો ફોન આવ્યો કે તેમના બંધ મકાનના દરવાજે લાગેલા તાળા તુટ્યા છે. ઘરે આવીને તપાસ કરી તો કોઈ ગેંગ મકાનમાં હાથફેરો કરી ગઈ હોવાનું જાણવા મળ્યુ હતુ. મકાનમાં ઘુસીને તસ્કરો રૂ. ૧.૩૭ લાખની કિંમતના દાગીના તથા રોકડ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. સે. ૭ પોલીસે જીનેશભાઈની ફરીયાદ આધારે ગુનો નોંધી ડૉગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત બોલાવી તસ્કરોને પકડવા તજવીજ શરૂ કરી છે.

# શુકન ગ્રુપ ચીટીંગ પ્રકરણમાં નાસતો ફરતો બિલ્ડર ઝડપાયો

## એસઓજીની ટીમે બિલ્ડર સહિત બે આરોપીઓને રીલાયન્સ ચોકડી પાસેથી પકડી પાડ્યા

ગાંધીનગર, તા. ૨૨

શુકન ગ્રુપનું મસમોટુ કૌભાંડ બહાર આવ્યુ હતુ અને ઈન્ફોસીટી પોલીસ મથકમાં ચીટીંગ સંદર્ભે બિલ્ડરો અને તેના મળતીયાઓ સામે ગુનો દાખલ થયો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે બાતમી આધારે રીલાયન્સ ચોકડી પાસેથી બિલ્ડર રમેશ પટેલ સહિત બે શખ્સોને દબોચી લીધા હતા.



બંને આરોપીની ધરપકડ કરી ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનને સોંપી દીધા છે. જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી નાસતા ફરતા આરોપીઓ પકડવા જિલ્લા પોલીસ સક્રિય થઈ છે. ત્યારે ગાંધીનગર એસઓજી પીઆઈ પરેશ સોલંકીની ટીમના પીએસઆઈ બી.એમ. પટેલ તથા સ્ટાફે ચોક્કસ બાતમી આધારે છેતરપીંડીના ગુનામાં નાસતા ફરતા બિલ્ડર સહિત બે શખ્સોને પકડી પાડ્યા છે. એએસઆઈ સીરાજખાન, હે. કોન્સ્ટેબલ જશુભાઈ, કિરીટસિંહ તથા કોન્સ્ટેબલ અરવિંદસિંહ સહીતની ટીમ આજે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની હદમાં પેટ્રોલીંગમાં હતી તો દરમ્યાન બાતમી મળી હતી કે શુકન ગ્રુપની છેતરપીંડી પ્રકરણમાં નાસતા ફરતા બિલ્ડર આરોપી રમેશ રેવાભાઈ પટેલ અને અરવિંદ મણીભાઈ પટેલ રીલાયન્સ ચોકડી પાસે છે. જે આધારે બંને આરોપીની રીલાયન્સ ચોકડીથી એસઓજીની ટીમે પકડી પાડી બંનેનો ઈન્ફોસીટી પોલીસાનો સોંપવામાં આવ્યા છે.

# શહેર બેટમાં ફેરવાય તે પહેલાં ગટરોની સફાઈ અનિવાર્ય

## પ્રિમોન્સુન કામગીરીનો અભાવ શહેરીજનો માટે જોખમી બનશે, ગત ચોમાસામાં શહેર પાણીમાં તરબોળ થઈ તળાવ બન્યુ હતુ

ગાંધીનગર, તા. ૨૨

ચોમાસા પહેલા શહેરમાં કરવાની પ્રિમોન્સુન કામગીરીનો સદંતર અભાવ હાલ સ્પષ્ટ વર્તાઈ રહ્યો છે. તંત્રની કામગીરી થકી જ ચોમાસામાં શહેરીજનો મુક્તપણે હરીફરી શકશે અન્યથા વરસાદી પાણી શહેરને ઘમરોળીને બેટમાં ફેરવી દેશે તેવી દહેશત લોકોમાં ઉભી થઈ છે. જેના માટે શહેરની તમામ ગટોરોની સાફસફાઈ અનિવાર્ય બની ગઈ છે. ગત ચોમાસામાં શહેરના મુખ્ય માર્ગો સહિત સોસાયટીઓ અને સેક્ટરમાં પાણીના નિકાલના અભાવે તળાવ ભરાઈ ગયા હતા જે કારણે જનજીવન ઉપર વ્યાપક અસરો થવા પામી હતી. જેથી તંત્ર સત્વરે સૌ પ્રથમ ગટરોની સાફ સફાઈ ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ કરાવે તે જરૂરી બન્યુ છે.

ચોમાસુ શરૂ થવાને આડે હવે ફક્ત ગણતરીના દિવસો બાકી છે ત્યારે વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા હાથ ધરવામાં આવે તેવી માંગ શહેરીજનોમાં ઉઠવા પામી છે. ગત ચોમાસા દરમ્યાન શહેરના એસ.ટી. ડેપો, ઘ-૫, ઘ-૬, ઘ-૭, ગ-૬ તથા અનેક સેક્ટરોમાં



વરસાદી પાણીનો ભરાવો થઈ જતા તળાવો ઉભા થઈ ગયા હતા. શહેરની ગટરોની નિયમિત સાફ-સફાઈ થતી નથી ત્યારે ચોમાસા પહેલાં તો શહેરને વરસાદી પાણીમાં તારબોળ થતુ બાચાવવા ગટરો સાફ કરવી એ અગત્યનું બન્યુ છે.

પ્રિમોન્સુન કામગીરી ફક્ત દફતરે નોંધવા પૂરતી સિમીત ન બની ઉચ્ચ અધિકારીઓના નિરીક્ષણ હેઠળ જ આ કામગીરી કરી તેનો સર્વે કરવામાં આવે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે. જેમાં શહેરીજનોના જનપ્રતિનિધિઓ પણ આ અંગે તંત્ર પાસે લેખિતમાં માંગણી કરી ગટરોની સફાઈને પ્રાધાન્ય આપે તેવી લોક લાગણી પણ પ્રવર્તી રહી છે. ભારે વરસાદ થકી માર્ગો ઉપરની ગટરો ચોકઅપ થઈ જાય છે તેમજ ગટરોના ઢાંકણા તુટી ગયેલા હોવાથી માર્ગ ઉપરની માટી તેમજ કચરો ગટરોમાં જમા થઈ પાણી માટે અવરોધ પેદા કરે છે. અન્ય ઘણા સ્થળોએ પણ અસંખ્ય જાળી-જાંખળા ગટરોમાં ફસાઈ જવાથી પણ પાણી સરળતાથી પસાર થતુ નથી અને ગટરો બેક મારે છે જેથી અત્યારથી જ તંત્ર દ્વારા આ કામગીરીનો પ્રારંભ થાય તે સમય સુચકતા ગણાશે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક
માધ્યમ
એટલે આપણું પોતાનું
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

### ચિરવિદાય

- સ્વ. બળદેવભાઈ માણેકભાઈ રબારી, ઉ.વ. ૯૮